# શ્રીસાઠંબાસમુદાયકેળવણીમંડળ

www.sathambasamuday.org
ડો.ભરત જયંતીલાલ શાહ

## પ્રમુખ શ્રી નું નિવેદન

સ્નેહી જ્ઞાતિજનો

સર્વેને મારા જય શ્રીકૃષ્ણ

આપ સર્વેને મારા અને મારા પરિવાર તરફથી નુતન વર્ષાભીનંદન. નુતન વર્ષ આપને તથા આપના કુટુંબીજનોને લાભદાયી, યશસ્વી, અને આરોગ્ય વર્ધક નીવડે તેવી પ્રભુને પ્રાર્થના કરૂં છું.

તા.૨૧-૦૯-૨૦૧૪ ના રોજ પ્રમુખ શ્રી યશવંતભાઈ સી. શાહ ધ્વારા અમદાવાદ મુકામે આયોજિત કેળવણી મંડળની ૫૪મી વાર્ષિકસભામાંવર્ષ૨૦૧૪-૧૫ માટે મંડળનું સુકાન મને સોપવામાં આવ્યું. તે માટે સામાન્ય સભા તેમજ ટ્રસ્ટીઓનો આભાર માનું છું. આ સાથે હું ગૌરવની લાગણી અને જવાબદારીનો અહેસાસ અનુભવું છું.

હું અને મારી ટીમ આપ સહુના સક્રિય સહકારથી મંડળના કાર્યની ગતિશીલતા જાળવી રાખવાનો સંનિષ્ઠ પ્રયાસ કરીશું. જ્ઞાતિની ભગીની સંસ્થાઓ વચ્ચે સંકલન જળવાઈ રહે અને મંડળના ઉદ્દેશો પરિપૂર્ણ થાય એ માટે પ્રયત્નશીલ રહીશું. નવી ટેકનોલોજીના ઉપયોગનું સુંદર ઉદાહરણ એટલે સ્વ.રૂક્ષ્મણીબેન પુરુષોત્તમદાસ શાહ (ગાબટ) પરિવાર ધ્વારા સ્થાપિત સાઠંબા સમુદાયની વેબસાઈટ. જ્ઞાતિ માટેની સઘળી જ માહિતી એક ક્લિકના સથવારે ઉપલબ્ધ થાય છે. આ માટે શ્રી ગોકળદાસભાઈ અને તેમનો પરિવાર ધન્યવાદને પાત્ર છે. આ વેબસાઈટ ને હજુ માહિતી સભર બનાવી શકાય. આ વર્ષે સામાન્ય સભામાં જ્ઞાતિના દરેક કુટુંબને સરનામાવલી SCABY GROUP અમદાવાદ ધ્વારા વિતરણ કરવામાં આવી તે માટે SCABY GROUP ને ધન્યવાદ આપું છું. જ્ઞાતિના યુવાન ભાઈ બહેનોને જનાવવાનું કે સમાજ ઉપયોગી સૂચનો હોય તો કેળવણી મંડળની ટીમને લખી જણાવવા. યુવાન ભાઈ બહેનો જ્ઞાતિની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતો આપણે ઘણા આગળ નીકળી શકીએ.

યુવાન ભાઈબહેનોએ પોત પોતાના ક્ષેત્રે મેળવેલી શૈક્ષનિક , પ્રોફેશનલ સફળતા જરૂરથી જણાવવી તેઆ પણે વાર્ષિક અહેવાલમાં પ્રકાશિત કરી શકીએ. એ જ્ઞાતિની પ્રગતિનો અરીસો છે.

ટેકનોલોજીનો ઉપયોગ કરી આપણા બધાજ રેકોર્ડ અને ફોર્મ સડીજીટલાઇજ કરવા માટે કારોબારીમાં વિચાર કરી શકાય યુવાન વર્ગમાટે Interactive Sessions શિબિર યોજી મંતવ્યો જાણી શકાય.

યુવાન વર્ગને કેળવણી મંડળના પેટ્રન / વાઈસપેટ્રન / આજીવન સભ્યો બની મંડળની પ્રવૃત્તિમાં સામેલ થવા આહવાન કરું છું. નોટબુક પ્રોજેક્ટ વીસ વર્ષથી અસ્તિત્વમાં છે. પ્રોજેક્ટના કન્વીનર શ્રી ચંદ્રકાંતભાઈ તથા ટ્રસ્ટી શ્રી મનુભાઈ ભલાવત આ પ્રોજેક્ટમાં સેવા આપી રહ્યા છે. યુવાન મિત્ર શ્રી જીગ્નેશભાઈ કે. શાહ સક્રિય મદદરૂપ થઇ રહ્યા છે. આ માટે એમનો આભારી છું.

અંતમાં અમદાવાદ મુકામે આયોજિત સામાન્યસભામાં જ્ઞાતિને નવીક્ષિતિજો પર લઇ જનારા પ્રેરણાદાયી ભૂતપૂર્વ પ્રમુખો અને મંડળની કરોડરજ્જુ સમાન મંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું તે અત્યંત પ્રસંસનીય છે. ઘર અને સમાજના ઘડતરમાં વયસ્ક જ્ઞાતિ ભાઈબહેનોનું યોગદાન અમૂલ્ય છે. તેમનું સન્માન કરી શ્રી યશવંતભાઈ એ ઉમદા કાર્ય કર્યું છે. સુંદર હોલ ,ચા – નાસ્તો અને ભોજનની વ્યવસ્થા માટે શ્રી યશવંતભાઈ અને તેમની ટીમને ધન્યવાદ આપું છું.

*Come forward*
*Together*
*We can make difference*

આપનોસહૃદયી
ડૉ.ભરતજયંતીલાલશાહ
પ્રમુખ

---

## શ્રી સાઠંબા સમુદાય કેળવણી મંડળ
## પ્રમુખશ્રીનું નિવેદન

સુજ્ઞ જ્ઞાતિજનો,

સર્વેને મારા જૈ જૈ શ્રી ગોકુલેશ......

આપ સર્વેને મારા અને મારા પરિવાર તરફથી નુતન વર્ષાભિનંદન. નુતન વર્ષ આપને અને આપના સૌ કુટુંબીજનોને યશસ્વી, ફળદાયી અને આરોગ્યપ્રદ નીવડે તેવી શુભકામના...

આપ સર્વે એ મારામાં વિશ્વાસ મૂકી, સર્વાનુમતે મારી કેળવણી મંડળના પ્રમુખ તરીકે પસંદગી કરી છે તે બદલ આપનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું અને આપને નમ્ર નિવેદન કરું છું કે મારા કાર્યકાળ દરમિયાન હું યથાશક્તિ, સંસ્થાનો સર્વાંગી વિકાસ થાય, જ્ઞાતિહીતની વિવિધ પ્રવૃતિઓ થાય, કેળવણી મંડળ અને તેની સાથે જોડાયેલ અન્ય સલગ્ન સંસ્થાઓ તેમના ઉદ્દેસ્યો હાંસલ કરે, તે માટે સર્વે સંસ્થાનું જરૂરી સંકલન સધાય, તે માટે હું મારા સંનિષ્ઠ પ્રયત્નો કરીશ અને તે માટે હું તમામ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, જ્ઞાતિના અગ્રણીશ્રીઓ, માનવંતા વડીલશ્રીઓ અને તમામ જ્ઞાતિબંધુના સહકારની અપેક્ષા રાખું છું.

ચાલુ સાલે પ્રમુખ તરીકે યુવા વિકાસ અન્વયે શિબિરનું આયોજન કરવા વિચારેલ છે. યુવાનોના સામાજિક, ધાર્મિક અને પ્રેક્ટીકલ જ્ઞાનમાં વધારો થાય તેવા પ્રયત્નો માટે યુવા વિકાસ મંચના મુખ્ય કન્વીનર તરીકે શ્રી દિનેશચંદ્ર સખીદાસ શાહની નિમણુક કરી છે. અને સહકન્વીનરના નામ અન્યત્ર આપેલા છે. આ અંગે કારોબારીમાં જરૂરી નિર્ણયો લઇ આપને વિગતવાર જણાવિશું.

સ્વ. રૂક્ષ્મણીબેન પુરષોત્તમદાસ શાહ (ગાબટ) પરિવાર દ્વારા સ્વખર્ચે નિર્મિત અને પાંચ વર્ષ સુધી વિના મુલ્યે તેને નિભાવવાની જવાબદારી લીધી છે, તે વેબ સાઈટનું જ્ઞાતિ અર્પણ ગત સામાન્ય સભામાં ખુબ જ હર્ષોલ્લાસથી કરવામાંઆવ્યું હતું, અને વેબ સાઈટ જે રીતે બનાવવામાં આવી છે તેની ઉપયોગીતા અંગે જ્ઞાતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો. હજુ પણ વેબ સાઈટમાં ઘણી વિગતો સમાવવાની બાકી છે, તેમજ કેટલીક ઉપયોગી વસ્તુઓ ઉપલબ્ધ કરવાની છે. આ માટે એક કમિટીની રચના કરવામાં આવી છે. વેબ સાઈટમાં જાહેરાત ઉપરાંત વેબસાઈટ અંગેના અન્ય કોઇ પણ કામ માટે આ કમિટીનો સંપર્ક કરવો. કમિટીના નામ અન્યત્ર આપેલ છે.

સ્વ.વાડીલાલ ગીરધરદાસ શાહ નોટબૂક પ્રોજેક્ટ જ્ઞાતિજનોને ખુબ જ ઉપયોગી નીવડ્યો છે. આ પ્રોજેક્ટ ખુબ જ સુંદર રીતે ચાલી રહ્યો છે. આપણા ટ્રસ્ટી શ્રી ડૉ.મનુભાઈ કે. ભલાવત, ઘણા વર્ષોથી અવિરત સેવા આ પ્રોજેક્ટમાં આપી રહ્યા છે. સાથે સાથે અમદાવાદના યુવાન મિત્ર શ્રી જીજ્ઞેશભાઈ કે. શાહ આમાં નોધ પાત્ર યોગદાન આપી રહ્યા છે. પેપરના ભાવમાં થઇ રહેલા વધારાના કારણે આ પ્રોજેક્ટમાં લગભગ રૂ. ૮૦૦૦ જેટલી વ્યાજની રકમ ખૂટે છે. મારું આપ સૌને નમ્ર નિવેદન છે કે જો સમાજમાંથી ૧૬ જેટલાભાઈઓ રૂ.૫૦૦૦ નો ફાળો આ પ્રોજેક્ટમાં નોંધાવે તો આ પ્રોજેક્ટ સુંદર રીતે ચાલી શકે. નોટબૂકની જરૂરીયાત માટે શ્રી જીજ્ઞેશભાઈ કે. શાહને અગાઉથી લેખિત જાણ કરવી.

શ્રી ગીરધરદાસ ભગવાનદાસ શાહ સાઠંબા સમુદાય મહિલા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ રજીસ્ટર્ડ થઇ ગયેલ છે. તેમાં આગળની કાર્યવાહીનો શુભારંભ કરવાનો હોઈ સમાજની તમામ બહેનોને નમ્ર વિનંતી કે ટ્રસ્ટનું સભ્યપદ જરૂરથી મેળવી લેવું.

મેં પ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારી તે પહેલા, શ્રી વેણીચંદ ફતેચંદ ચેરીટેબલ ટ્રસ્ટની ૨૫ વર્ષ પુરા થયા નિમિત્તે રજત જયંતી ઉજવવાનું નક્કી કરેલ છે. આ નિમિત્તે રૂ. ૭૧ લાખનું માતબર દાન એકત્ર કરવાનો ટ્રસ્ટના પ્રમુખ શ્રી શૈલેશભાઈ વી. શાહે મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરેલ છે. તેના બે કન્વીનરો પૈકી એક કન્વીનર તરીકે મારી પસંદગી

થયી છે. અને બીજા કન્વીનર તરીકે મારા ખુબ જ કાર્યક્ષમ મિત્ર શ્રી અશ્વિનકુમાર રમણલાલ શાહ છે. અમો એ દાન એકત્ર કરવાની કામગીરી આરંભી દીધી છે અને અમને જણાવતા આનંદ થાય છે કે લગભગ ૪૦ લાખના દાનની જાહેરાતો સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા કરવામાં આવી ચુકી છે. આ અંગે વિગતવાર એક પત્ર આપને "વેણીચંદફતેચંદ ટ્રસ્ટ" તરફથી પાઠવામાં આવશે.

અમદાવાદના જ્ઞાતિબંધુઓ જે **SCABY**ના નામથી પરિચિત છે, જેમાં હું પણ છું, તેમણે એડ્રેસ બૂક પોતાના ખર્ચે બનાવી જ્ઞાતિના દરેક કુટુંબને આપવાની જાહેરાત કરી હતી, તેનું વિમોચન ગત જનરલ સભામાં, ગત વર્ષના પ્રમુખ શ્રી જગદીશભાઈ દ્વારા કરવામાંઆવેલ. આ પુસ્તિકાનું ઘરે ઘરે વિતરણ ટુંક જ સમયમાં કરવામાં આવશે.

ગત જનરલ મિટિંગમાં નક્કી કર્યા પ્રમાણે નવા બંધારણ અંગે જે આપના સૂચનો (ફેરફારઅંગે) હોય તે લેખિતમાં મંડળના સેક્રેટરીને મોકલી આપવા. જે અંગે કારોબારીમાં ચર્ચા કરવામાં આવશે.

સમાજના ઘણા જ્ઞાતિજનો, ખાસ કરીને યુવાવર્ગ, કેળવળી મંડળના સભ્ય નથી. જ્ઞાતિની કાર્યવાહીમાં ભાગ લેવા સભ્ય થવું જરૂરી છે. પેટ્રન સભ્ય રૂ.૫૦૦૧, વાઈસ પેટ્રન રૂ.૨૫૦૧ અથવા રૂ.૨૫૧ ભરી આજીવન સભ્ય બનવા અમારી નમ્ર વિનંતી છે. સભ્ય બની આપ જ્ઞાતિની ગતિ વિધીમાં કાર્યરત થશો.

જે વિદ્યાર્થીઓએ કેળવણી મંડળમાંથી લોન લીધી છે અને અભ્યાસ પૂર્ણ કરી દીધો છે તેમજ કમાવાની શરૂઆત પણ કરી દીધી છે, તેમણે લોનની રકમ ટુકડે ટુકડે ભરપાઈ કરવા વિનંતી છે. જરૂરિયાતના સમયે સંસ્થાએ આપને આર્થિક મદદ કરીછે. હવે આપની નૈતિક ફરજ છે કે આ લોનની રકમ પરત કરી દેવી.

કેળવણી મંડળના વાર્ષિક અહેવાલ અને દિવાળી અહેવાલ છપાવવા તેમજ મોકલવા એ ખર્ચાળ છે. હવે જયારે આપણે વેબ સાઈટ શરૂ કરી છે અને અહેવાલો અપલોડ કરીએ છીએ, અને આપણી પાસે ૩૦૦ જેટલા ઈ-મેઈલ એડ્રેસ પણ છે ત્યારે મારું નમ્ર સુચન છે કે આપણે વેબ સાઈટથી અહેવાલ મોકલવા જોઈએ અને સારા એવા ખર્ચની બચત કરવી જોઈએ. આ અંગે આપ શું ઈચ્છો છો તે જણાવવા વિનંતી. આપના તમામ સૂચનો sskm54@gmail.com ઈ-મેઈલ પર મોકલવા વિનંતી છે.

**<u>સમુદાય શતાબ્દી તરફ</u>**

જ્ઞાતિની સ્થાપનાના ૧૦૦ વર્ષ આપણે વિક્રમ સવંત ૨૦૭૪ માં, ચાર વર્ષ પછી કરવા જઈ રહ્યા છીએ, જે આપણા માટે એક ગૌરવનો યશસ્વી પ્રસંગ ઉજવવાનો મોકો આવશે.

ગત જનરલ મિટીંગમાં મુરબ્બી વડીલ શ્રી બિહારીભાઇએ "vision samvat 2074" અંગે એક રૂપરેખા આપણને આપી હતી, અને એવું આહવાન આપ્યું હતું કે આપણી ત્રણે સંસ્થાઓનું કુલ ભંડૉળ રૂ. ૨ કરોડ સુધી પહોચાડવું. આપણું સ્વપ્ન છે "સમૃદ્ધ અને સંસ્કારી સાઠંબા સમુદાય" આ સ્વપ્નને સાકાર કરવા આવો આપણે સૌ ત્રણે સંસ્થાના પદાધિકારીઓ સાથે મળી કાર્ય કરીયે.

અંતમાં હું આશા રાખું છું કે જ્ઞાતિના કાર્યમાં આપનો સહકાર મને મળતો રહેશે. અને આપના સૂચનો પણ મળતા રહેશે.

ગત મિટીંગમાં પ્રમુખ શ્રી જગદીશભાઈ દ્વારા જે સુંદર ચા નાસ્તા ભોજનની વ્યવસ્થા થઇ તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આભારસહ,
આપનો સહૃદયી
યશવંત ચંદુલાલ શાહ

પ્રમુખ

શ્રી જગદીશભાઈ રણછોડદાસ શાહ

સર્વે જ્ઞાતિ જનોને જૈ જૈ શ્રી ગોકુલેશ

આજ થી ૨ - ૩ વર્ષ પહેલાં આપણા સાઠંબા સમુદાયની વેબ સાઈટ બનાવવા માટે અમદાવાદ મુકામે કાર્યવાહી શરુ કરેલ પરંતુ કોઈક કારણોસર શક્ય બનેલ નહીં. ગત જનરલ મીટીંગ માં પેપર વર્ક ઓછું કરવા, ટપાલ ખર્ચ ઘટાડી શકાય અને ઝડપી સંદેશ વ્યવહાર થઇ શકે વિ. બધા કારણોને લઈને હાલના સંજોગોમાં વેબ સાઈટ ની જરૂરીઆત અગત્યની હોઈને, શ્રી છબીલદાસ પુરુષોત્તમદાસ શાહ તથા શ્રી ગોકલદાસ પુરુષોત્તમદાસ શાહના પરિવાર તરફથી તેમના સ્વખર્ચે વેબ સાઈટ શરુ કરવા તથા તેને પાંચ વર્ષ સુધી Up date & Maintain કરવાની જવાબદારી સ્વીકારવાની અને જાહેરાતોથી જે આવક થાય તે મંડળને આપવાની ઈચ્છા દર્શાવતાં, મંડળે સહર્ષ તેમના સૂચનો સ્વીકાર કરીને વહેલી તકે આ વેબ સાઈટ શરુ કરવા તેમને વિનંતી કરેલ.

ત્યાર બાદ ડેમાઇ મુકામે મળેલ કારોબારીની મીટીંગમાં વિસ્તૃત ચર્ચા કરીને, હવે આપણે તેની શુભ શરૂઆત કરી રહ્યા છીએ ત્યારે સૌ પ્રથમ શ્રી છબીલદાસ તથા શ્રી ગોકળદાસના પરિવારનો ખુબ ખુબ આભાર.

હવે આ પ્રોજેક્ટ ને સફળતા બક્ષવા માટે જે જે વિગતો તેમના તરફથી માગી હોય તે અને ફેરફાર થતો રહેતો હોય તેની વિગતો પણ આપણે તેમને જણાવવી પડશે. જેથી તેઓ તે અંગે યોગ્ય કાર્યવાહી કરી શકે.

વેબ સાઈટમાંની દરેક વિગતો આપ જોશો એટલે ખ્યાલ આવશે કે આ વેબ સાઈટમાં કેટલી ઉપયોગી માહિતી અપાયેલી છે. તો આપણે સૌ આ વેબ સાઈટ ના લાભની સાથે સાથે તેમાં આપણા ધંધાની , વેવિશાળ અંગેની કે પછી જૈ જૈ શ્રી ગોકુલેશ નોધાવીને તે ધ્વારા મંડળની આવકમાં ઉમેરો કરતા રહીએ, જેથી મંડળની આવક વધે અને જરૂરીઆત વાળાઓને વધતા જતા Education ખર્ચની સામે વધારે સહાય કરી શકીએ.

મને આ વર્ષે આપ સૌ તરફથી દરેક કાર્યવાહીમાં સારો સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે તે બદલ સૌનો હાર્દિક આભાર માનું છું.

જગદીશભાઈ આર. શાહના જૈ જૈ શ્રી ગોકુલેશ

---

## પ્રમુખશ્રીનું નિવેદન

વ્હાલા જ્ઞાતિજનો,

આપ સર્વને મારા, મારા પરિવાર તેમજ કેળવણી મંડળના હોદ્દેદારો તરફ થી જૈ જૈ શ્રી ગોકુલેશ.

નવું વર્ષ આપ સર્વેને, વ્હાલા વિદ્યાર્થી ભાઈ - બહેનોને યશસ્વી, લાભદાયી નીવડે સાથે સાથે સમુદાયની ત્રણેય સંસ્થાઓ ફૂલે ફાળે અને ત્રણેયની યશગાથાઓ સદાય ઉંચે રહે તે માટે પ્રભુને પ્રાર્થના.

તા. ૨૭/૦૯/૨૦૧૫ ને રવિવારના દિને મુંબઈ મુકામે થયેલ જનરલ સભામાં આપ સૌએ મારામાં વિશ્વાસ મૂકી સર્વાનુમતે કેળવણી મંડળના પ્રમુખપદે પસંદગી કરેલ છે, તે બદલ આપ સર્વેનો હૃદય પૂર્વક આભાર માનું છું. ખાસ કરીને જેમણે મારામાં સંસ્કારનું સિંચન કરેલ છે, તેવા દધાલીયા ગામના તે વખતના નગર શેઠ પૂજ્ય મારા ભગવદીય પિતા શ્રી તથા મારા માતૃશ્રી બાને તેમજ વડીલ રતિભાઈને પણ વંદન કરું છું. તે પછી મારા ગુરુ અને હજારો હાથ વાળા શ્રીજી બાવાને સક્ષાત દંડવત પ્રણામ કરું છું.

અત્રે વડોદરાથી પધારેલ મારા વ્હાલા જ્ઞાતિ બંધુઓને પણ ધન્યવાદ આપું છું. કે વડોદરા શહેર જ એક એવું છે કે જ્યાં તેમના સહકારથી એક જ પ્રમુખ, મંત્રી, અને ખજાનચી સતત સાત વર્ષથી સેવા આપી રહ્યા છે.

કેળવણી મંડળના વિકાસ માટે હું મારા સંનિષ્ઠ પ્રયત્નો કરીશ અને તે માટે " સર્વે નો સાથ સાઠંબા સમુદાયનો વિકાસ" ને ધ્યાનમાં રાખી તમામ ટ્રસ્ટીઓ , હોદ્દેદારો , જ્ઞાતિના અગ્રગણીઓ પૂજ્ય વડીલો અને તમામ જ્ઞાતિ બંધુઓના સહકારની અપેક્ષા રાખું છું.

આપને જણાવતાં આનંદ થાય છે કે નોટબુક પ્રોજેક્ટ માટે વધારાના રૂ. બે લાખ એટલેકે ૪૦ ટ્રસ્ટ ભેગા કરવાના હતા, હાલ આજ રોજ ૩૩ ટ્રસ્ટ ના પૈસા બેંકમાં જમા થઇ ગયેલ છે. સાથે સાથે ઇનામી ટ્રસ્ટમાં પણ વધારાની રકમ તેમજ નવા ટ્રસ્ટ મળેલ છે. તે માટે સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર માનું છું.

નોટબુક પ્રોજેક્ટ જેમણે બનાવ્યો છે તે દાતાઓને પણ ધન્યવાદ છે. સાથે સાથે સમય સર નોટ બુક મોકલવા માટે ભૂતપૂર્વ મંત્રી શ્રી જીગ્નેશ કુમાર કે. શાહને પણ ધન્યવાદ પાઠવું છું.

જે ટ્રસ્ટીશ્રીઓ એ વિદાય લીધેલ છે. તેમને પણ આપેલા યોગદાન સેવા તે કદીયે ભૂલાય તેમ નથી તેમજ નવા ચૂંટાયેલ ટ્રસ્ટીઓ તરફથી પણ સહકાર મળવા બદલ આભાર માનું છું.

ચાલુ સાલે ૨૧ / ૦૨ / ૨૦૧૬ ના રોજ વડોદરા મુકામે યુવા શિબિર રાખેલ છે. તો સર્વે યુવાનોએ આ સાથે મુકેલ Ragistration ફોર્મ ભરીને તા. ૧૫/૦૨/૨૦૧૬ પહેલા મંત્રી શ્રી સંજય ભાઈને મોકલી આપવું

નોકરીની જરૂરીયાત વાળા આપણા જ્ઞાતિના યુવાનો માટે પણ સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓને જેમની આગવી ઓળખાણ છે. જેમની પોતાની કંપનીઓ છે. તેમને નમ્ર વિનંતી કરું છું કે આપ જ્ઞાતિના માણસોનો સમાવેશ કરશો તો જરૂર એ પણ એક મોટામાં મોટું દાન કર્યું કહેવાશે.

ઇનામી ટ્રસ્ટ માટે જે દાતાઓએ અગાઉ રૂ. એક હજારનો ફાળો નોધાવેલ છે. તો તે દાતાઓને તથા તેમના કુટુંબીજનોને વિનંતી કરું છું કે આપ આપણા ઇનામી ટ્રસ્ટમાં રકમ વધારી વિદ્યાદાનમાં સહાય કરે.

મુંબઈ મુકામે સામાન્ય સભામાં જે તે વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું તે પ્રસંસનીય છે. અને તે સન્માન કરવા માટે ડો. ભરતભાઈ જે. શાહને ધન્યવાદ. સુંદર વ્યવસ્થા કરવા માટે તથા ડો.તેમની ટીમ તેમજ સભાના સંચાલક નરેન્દ્રભાઈ, સંજયભાઈ નો આભાર માનું છું. જયારે સમુદાય શબ્દ મારે કાને અથડાય છે ત્યારે નીચેની પંક્તિ યાદ આવે છે.

**જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડિયા કરતી હૈ બસેરા, વો સાઠંબા સમુદાય હૈ મેરા**

**જહાં કેળવણી મંડળ, વી.એફ.ટ્રસ્ટ સાથે છે મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ, વો સાઠંબા સમુદાય હૈ મેરા**

**જહાં વડીલોના આશીર્વાદ ને બલિહારી છે ટ્રસ્ટોની, વો સાઠંબા સમુદાય હૈ મેરા**

વળી મારી જાણમાં છે ત્યાં સુધી નીચેની વ્યક્તિઓને કેળવણી મંડળ તરફથી અભિનંદન આપીશ તો અસ્થાને નહિ જ ગણાય.

૧) વડોદરાના માનનીય શ્રી નવનીતલાલ મુલજીદાસ શાહે Industrial Engineering માં નેશનલ લેવલે **" H.K.Firodia and P.V. Rama Roy Life Time achievement Award "** મેળવવા બદલ

૨) Dr.Ravi Y.C. Shah ને " Development of Validation of bew analytical method of 3rd generation Cephalosporins bulk and dosage from માં phd degree પ્રાપ્ત થવા બદલ

૩) કુમારી હેની બિરેનકુમાર શાહ એમ. બી. બી. એસ. ના પ્રથમ વર્ષ માં ૬૧ % મેળવવા બદલ

૪) અમદાવાદના શ્રી કૌતુક રીતેશ રશ્મીકાંત શાહ ને નેશનલ લેવલે કરાટે ચેમ્પિયનશીપ માં બ્રોન્ઝ મેડલ મેળવવા બદલ

૫) વડોદરાના શ્રીમતી અલ્પાબેન અમરીશભાઈ શાહ ગુજરાતીમાં હૃદય નો કોલ બેલ વાર્તા પ્રસિદ્ધ કરવા બદલ

શ્રી હસમુખલાલ સોમાલાલ શાહ